
# ગોહેલ સાહેબને મળવું ગમે, તેમને સાંભળવા ગમે, વર્ષો પછી શામળદાસ કોલેજમાં ગુરુવારે ગદ્ય સભામાં એમની ઉપસ્થિતિમાં લઘુકથા પઠન પણ કર્યું

ત્રીસ વર્ષ પૂર્વેનું દૃષ્ય સ્મરણના તખ્તા ઉપર જીવંત થાય છે કેમ્પસમાં ચારે બાજુ વૃક્ષોની હારમાળા. રંગબેરંગી વસ્ત્રોથી સજ્જ કોલેજીયનો. જે કોલેજમાં ભણવું એટલે ગૌરવ ગણાય. ૧૯૮૨માં હું પણ અનુસ્નાતકની પદવી લેવા પ્રવેશ્યો હતો. ગુજરાતી વિષય સાથે એમ.એ. કરવાનું હતું. હું ચોવીસ વર્ષનો યુવાન હતો એમ બેતાલીસ વર્ષના માય ડીયર જયુ. પ્રા. જયંતી ગોહેલની વર્ગમાં આવવાની, તળપદી શૈલીમાં બોલવાની એક છટા બિલકૂલ સહજ લાગતી હતી. જે આજે પણ એટલી જ સ્વાભાવિક લાગે છે!

પણ પછી પચ્ચીસ વર્ષના વાણાં વાઈ ગયાં. સાહેબની લઘુનવલો વાંચતો હતો. તેઓ મારી લઘુકથા વાંચતા અને હું રાજકોટ છું તેનાથી વાકેફ હતા. વર્ષ ૨૦૦૬માં ગુજરાત રાજય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગરથી ધોરણ દસનો કોર્ષ બદલાયો. પ્રથમ ભાષાનું ગુજરાતી પુસ્તક મારા હાથમાં આવ્યું. ધોરણ દસના સોળ વર્ગખંડમાં 'છકડો' ટૂંકીવાર્તા ભણાવવાનો આનંદ હું અને વિદ્યાર્થીઓ લૂંટતા હતા. એટલું જ નહીં પણ અમારી રીધમ કેવી!



બોતેર વર્ષે તાજામાજા રહેતા અને સૌને રાખતા સર્જક માય ડીયર જયુ

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

હું જાંબાળા બોલું ત્યાં તો વર્ગખંડના વિદ્યાર્થીઓ એક સાથે બોલે ખોપાળા... તગડી.. ને ભડી.. એમાં ભડી તો.. બાજુના વર્ગમાં ભણાવતા શિક્ષકને અમારી ઈર્ષા થતી હતી. મા વિનાનો દીકરો ગિલો પિતાના મનને પારખી જતો હતો. તે વાતને હું ઉદાહરણો સાથે વર્ણવતો હતો ત્યાં એક વિદ્યાર્થી રડવા માંડ્યો. હું એની પાસે ગયો. માથે હાથ મૂકી પૂછ્યું: 'કેમ રડે છે, મોતી?' સાહેબ, આ વાર્તામાં ગિલો એકનો એક દીકરો છે. મા નથી. તેમ અમે બે ભાઈ.. અમારેય મા નથી. મોટા ભાઈ છકડો હાંકે છે. બાપુ માંદા રહે છે.' મોતીને સાંભળીને મારા રૂંવાડા ઊભા થઈ ગયાં. આંખમાં આંસુ સાથે હું ગદ્ગદિત થઈ ગયો હતો. મેં મોતીને હિંમત આપી. તાસ માંડ માંડ પૂરો થયો.

એકવાર તો એવું બનેલું કે, હું વર્ગખંડમાં 'છકડો' વાર્તાનો આસ્વાદ કરાવતો હતો અને મારા મોબાઈલ ઉપર ગોહેલ સાહેબનો ફોન આવ્યો. હેલો કોણ? જવાબ મળ્યો.'હું ગોહેલ બોલું છું.' મેં નમસ્તે, ગોહેલ સાહેબ એમ કહ્યું, ત્યાં તો વિદ્યાર્થીઓ બોલ્યાં. 'સર, અમને ગોહેલ સાહેબ સાથે વાત કરવા દયોને?'

આમ, ગુરુ-શિષ્યના સંબંધમાં તેજી આવતી રહી. પછી તો લટૂર પ્રકાશન, ભાવનગર દ્વારા પ્રકાશિત 'જીવ','સંજીવની', 'થોડાં ઓઠાં', 'મને ટાણા લઈ જાવ!' વાર્તા વૈવિધ્ય પુસ્તકો મેં વાંચ્યા અને રાજકોટમાં અસંખ્ય ભાવક મિત્રોએ મારી પાસેથી હોંશે હોંશે ખરીદ્યો અને વાંચ્યા હતા. આ પ્રવાહ વચ્ચે મનોહર ત્રિવેદી, નવનીત જાનીના પુસ્તકો પણ મિત્રોએ ખરીદ્યા. ગોહેલ સાહેબને મળવું ગમે. તેમને સાંભળવા ગમે. વર્ષો પછી શામળદાસ કોલેજમાં ગુરુવારે ગદ્ય સભામાં એમની ઉપસ્થિતિમાં લઘુકથા પઠન પણ કર્યું.

એમનો મારા પ્રત્યેનો શિષ્યભાવ મને ભીંજવી જાય છે. હમણાં જ દીકરી અને માવતરના સંબંધને ઉજાગર કરતી ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ ૨૬ વાર્તાઓનું 'દાદા હો દીકરી' નામે પુસ્તક લટૂર પ્રકાશને કર્યું. મારા વિદ્યાર્થી આશિષ બધેકાની લાગણીથી વિજ્ઞાન નગરીમાં વાર્તાનું મેં રસદર્શન કરાવ્યું હતું. માય ડીયર જયુ લિખિત બાપ દીકરીનો આસ્વાદ કરાવવાનું સૌભાગ્ય મળ્યું હતું!

મેં મોકલેલા દાદા હો દીકરી પુસ્તકથી પ્રભાવિત ભાવનગરની મારી ભૂતપૂર્વ વિદ્યાર્થીની હાલ ગાંધીનગર શિક્ષિકા તરીકે ફરજ બજાવતી બિના એટલી ગદ્ગદિત થઈ ગઈ હતી. ફોનમાં રડતાં રડતાં બોલી હતી કે, સર, મારા વતી આપના ગુરુ ગોહેલ સાહેબને અભિનંદન આપજો. સર, મને તો આપના તરફથી આજેય આવા સુંદર, કલાત્મક કરિયાવર મળે છે, તેનો આનંદ છે.

મને પણ જયંતી ગોહેલ સાહેબ તરફથી શબ્દ પ્રસાદ પ્રાપ્ત થાય છે. તેને હું ઈશ્વરની અનન્ય કૃપા ગણું છું. દિલ્હી, ગુજરાત સાહિત્ય પરિષદ અને અકાદમીના અનેક એવોર્ડથી વિભૂષિત થયેલા માય ડીયર જયુની પ્રસન્નતા, સ્વસ્થતા અને સર્જનશીલતા કાયમ ટકી રહે તેવી શુભેચ્છા. માય ડીયર જયુનો મો.નં. છે ૯૪૨૬૧૬૦૨૦૯

# એક સ્ટેડિયમ પાસે હોર્સ રેસનું બોર્ડ જોઈએ સ્ટેડિયમમાં પ્રવેશ્યો, કદી આ પહેલાં અહીં આવ્યો નહોતો કે જુગાર રમ્યો નહોતો, એક સારી જગા જોઈ બેસી ગયો, લોકો મનપસંદ નંબર પર રેસમાં બીડ કરતા હતા, કોઈ જીતતા હતા તો કોઈ હારતા હતા

## રેસના ઘોડા સં-વેદના

- જય ગજ્જર

હેલન બૉસની જાળમાં પૂરે પૂરી ફસાઈ હતી. એની સાથે હોટેલમાં રાત ગુજારી દારૂના નશામાં સવારે નવ વાગે ઘેર આવી. પતિ પર ગુસ્સો ઠાલવતાં એલફેલ બોલવા લાગી.

'યૂ રાસ્કલ, યૂ કેન નેવર મેક મી હૅપી વિથ યૉર લિમિટેડ ઈન્કમ! હેલ વિથ યૂ! મને મારો મનગમતો પુરુષ મળી ગયો છે. આઈ એમ મૂવીંગ આઉટ!' અને એની એક બૅગ લઈને ચાલી નીકળી. બીજું લેવા જેવું ઘરમાં હતું પણ શું?

એક બલા છૂટી. એમ વિચારી એ પણ હતાશાની પોટલી સાથે એના ડોગીને લઈ ઘર બહાર નીકળી ગયો. કયાં જવું એ નક્કી નહોતું.

એક સ્ટેડિયમ પાસે હોર્સ રેસનું બોર્ડ જોઈએ સ્ટેડિયમમાં પ્રવેશ્યો. કદી આ પહેલાં અહીં આવ્યો નહોતો કે જુગાર રમ્યો નહોતો. એક સારી જગા જોઈ બેસી ગયો. લોકો મનપસંદ નંબર પર રેસમાં બીડ કરતા હતા. કોઈ જીતતા હતા તો કોઈ હારતા હતા. પીટરને બીડ કરવાનું મન થતું પણ હિંમત કરી શકતો નહોતો. પાકીટમાં ઈમર્જન્સી માટે સાચવી રાખેલ પાંચસો ડૉલર હતા. પણ કાલનો વિચાર એને રોકતો.

કાલ ડૉકટર પાસે જવાનું હતું. ત્રણસો ડૉલર એકસ રેના અને બસો એમ ફીના આપવાના હતા. કાલના વિચારમાં વ્યગ્ર બની એણે એક નિસાસો નાખ્યો.

એ જ વખતે એની પાસેની જગા ખાલી જોઈ એક અજાણી યુવતી બોલી 'હેલો, ઈફ યૂ ડોન્ટ માઈન્ડ કેન આઈ સીટ હિઅર!'

'નો પ્રોબ્લમ.' હસીને એણે કહ્યું.

'આજ બીજા રવિવારે આવી છું. ગયા રવિવારે મારા એક મિત્ર મને અહીં લાવેલા. મજા આવેલી. બે હજાર જીતી ગયેલી એટલે આજ મન ખેંચી લાવ્યું. તમે કંઈ જીત્યા ખરા?'

'હું થોડી વાર પહેલાં જ આવ્યો છું. હજી નસીબ અજમાવ્યું નથી. પહેલી વાર આવ્યો છું એટલે હિંમત ચાલતી નથી.' સાચું કારણ છુપાવી જવાબ આપ્યો.

'ભગવાનનું નામ લઈને ઝંપલાવવાનું.'

'મારો ભગવાન મારાથી રૂઠેલો છે!'

'શું નામ આપનું?'

'પીટર. આપનું?'

'વાહ શું યોગાનુયોગ! મારું નામ પેગી છે. બંનેની એક જ રાશી! માનશો, આજના છાપામાં ફોરકાસ્ટમાં ભવિષ્ય વાંચેલું કે આજનો દિવસ આપણી રાશી માટે બહુ ભાગ્યશાળી છે! આપણે આજ અહીંથી કંઈક મેળવીને જ જવાનાં!'

'તમે એવી અંધશ્રદ્ધામાં માનો છો?'

આ કોઈ અંધશ્રદ્ધા નથી. મારો આત્મવિશ્વાસ છે! આપણા બંનેના જન્મવર્ષ પર ચાર આંકડા બીડ કરીએ. હારજીત વહેંચી લઈશું. કહી સામેની બીડની પ્લેટ પર પીપી લખી ઉંમરના આંકડા ઊલટા લખ્યા ૬૩. હવે તમે તમારા આંકડા આગળ કે પાછળ ઊલટા લખી ગુણ્યા સો લખજો.

પીટરે આગળ ૯૩ લખ્યું અને ગુણ્યા ૧૦૦ લખ્યું. પીટર સ્લોટમાં એ છ આંકડાના નંબરવાળી પ્લેટ નાખી રાહ જોવા લાગ્યો. એમ્પાયરે પ્લેટો ઘોડાઓના ગળે ભરાવી વન, ટુ, થ્રી બોલી રેસ ચાલુ કરી. સૌ ઘોડાઓની દોટ પર નજર સ્થિર કરી આતુર નયને પોતાનો નંબર જીતી જાય એની રાહ જોવા લાગ્યાં.

રેસમાં ૯૩૬૩ નંબરનો ઘોડો જીતી ગયો.

પેગી કૂદીને પીટરને હર્ષોન્માદમાં ઘેલી બની બે બાહુમાં જકડી કિસ કરી બોલી. 'યૂ લકી યંગ મેન. યૂ વન ૯,૩૬,૩૦૦ ડૉલર અને ધિસ લવલી વુમન! વિલ યૂ બી માય લાઈફ પાર્ટનર?'

પીટર પેગી સામે નજર સ્થિર કરી વિચારી રહ્યો, 'કેવી લવલી વુમન છે! કેવી હિંમતવાળી!' અને વધુ વિચાર્યા વિના બોલ્યો, 'શું કહે છે, પેગી?' ઓહ લવલી પ્રેટી વુમન! વાય નોટ? અકસ્માતે આપણે મળ્યા. અકસ્માતે ઢગબંધ ડૉલર જીત્યા અને અકસ્માતે તેં પ્રપોઝલ મૂકી છે. હું ૩૯નો છું તું ૩૬ની છે! ગુડ કંપની જામશે. વેલકમ ટુ માય લાઈફ!'

'એન્ડ યૂ આર વેરી હેન્ડસમ મેન!'

'એક ચોખવટ કરું? મારા નસીબમાં પત્ની સુખ નથી!'

'પણ મારા નસીબમાં પતિ સુખ છે! મારે કારણે તમે કદાચ સુધી થાઓ! પહેલી મુલાકાતે જ સુખનો સાગર લાવી છું ને! કેમ આમ નેગેટિવ બોલો છો? પરણ્યા પછી પત્ની ભાગી ગઈ છે?'

પીટર આશ્ચર્ય સહ એની સામે જોઈ બોલ્યો, 'તું તો ભાગી નહિ જાય ને? એક આઘાત સહી રહ્યો છું. બીજો આઘાત તો નહિં આપે ને? એ વિચારે અચકાઉં છું. ન ઓળખાણ.. ન પરિચય.. કેમ અણધાર્યું આવું બની રહ્યું છે?

'નસીબ.. સદ્નસીબ.. પ્રેમ કર્યા પછી ને પરિચય વધાર્યા પછી પણ ધાર્યું બની ગયું એ સ્વીકારી લીધું છે તો જીવનની રેસમાં હોડ કરવામાં શું વાંધો છે? જિંદગી રેસના ઘોડા જેવી છે કયારેક રેસમાં હાર થાય તો જીત પણ થાય ને?'

'ખેર, તું આમ અચાનક મારા જીવનમાં આવવા કેમ પ્રેરાઈ? અર્ધા મિલિયન જેટલા ડૉલરનો મોહ નથી ખેંચી રહ્યો ને?'

'પીટર કેવી વાત કરે છે? સાચું કહું તો તારી પ્રેમાળ આંખોમાં નીતરતી પ્રેમની સરવાણી, તારા યૌવનમાં ઊછળતી મિલનની ઉત્સુકતા, તારાં અંગેઅંગમાં પ્રગટતા સેકસના ધબકાર અને સર્વસ્વના સુમેળવાળું તારું હસમુખું વદન! અને કુદરતે આમ યોજેલ સુભગ મિલન! એ પાછળ કુદરતનો કોઈ સંકેત હશે ને! વળી લાખો ડૉલર જીત્યાનું સદ્ભાગ્ય! તારે લગ્ન ન કરવા હોય તો સાથે રહી કોમન લૉ રાહે સાથે પ્રેમથી જીવીશું. બોલ એ પ્રપોઝલ તો ગમશે ને?'

'હા જરૂર, એ પ્રયોગ કરવામાં વાંધો નથી! મારે ઘેર આવવું છે કે તમારે ઘેર જવું છે?'

'મારું ઘર તો અપશુકનિયાળ છે! તમે ભાગ્યશાળી છો એટલે તમારે ઘરે જ જઈશ. મારાં પુનિત પગલાં તમારે ઘેર પડે એ જ સારું ને?'

બંને પીટરને ઘેર પહોંચ્યા. ઘેર પહોંચતાં જ પેગી બોલી, 'વાહ વૉટ અ લવલી હાઉસ! નાનું છે પણ મજાનું છે. માય ડિઅર, આઈ લાઈક યૉર હાઉસ! અને ચારે બાજુ નજર ફેરવી બોલી.

મારે ઘર હતું પણ હવે કોઈ ઘર નથી. કોઈ વર નથી. બંનેને બે અઠવાડિયા પહેલાં છોડી દીધાં. રોજ દારૂ પીને ઘેર આવતો. મને મારપીટ કરતો. હું સહી ન શકતી. છેવટે 'યૂ ઈડિયટ, હેલ વિથ યૂ, મરવા પડીશ તો કોઈ સામું જોનાર નહિ હોય! શબ્દો બોલી એનાથી, એ નરકવાડેથી છૂટી છું.'

'હેલ ઈડિયટ' હેલ રાસ્કલ! શબ્દો પીટરની મનોભૂમિ પર ચમકી રહ્યા. એક સવાલ માનસપટ પર ઝબકી ગયો, બેનો મેળ ખાશે?

આ ભૂમિ પર તો કદાચ મેળ નહિ ખાય! એના એ ઘરને એ અપશુકનિયાળ માનતો થઈ ગયો હતો. રહેવા આવ્યો હતો તે દિવસે જ એક કાળી બિલાડી આડી ઊતરી હતી. એ દશ્ય મનોભૂમિ પર ઝબકતાં એ બોલ્યો 'ડિએર પેગી, આ ઘર છોડી કોઈ નવી જગ્યાએ મૂવ થઈ જઈએ? નવું ઘર, નવું નગર, નવું જીવન કદાચ આપણને ફળશે! તને શું લાગે છે?'

'હા, ગુડ આઈડિયા, મારે પણ શહેરથી છુટકારો લેવો છે!'

પીટર અને પેગી મોટા શહેર ટૉરોન્ટોમાં મૂવ થવા નીકળી પડ્યા. રસ્તામાં એક રેસ્ટોરન્ટમાં લંચ લેવા રોકાય ત્યાં એક જાહેરખબર પર નજર પડી. લેકશોર વિસ્તારમાં એક બેન્કની, એક બંગલાની હરાજીની જાહેરખબર પર નજર પડી. બંને જમીને હરાજી સ્થળે પહોંચી ગયા. પીટરે બીડ કરતાં ઓફર મૂકી. માત્ર ત્રણ લાખમાં એ મળી ગયો. બંનેએ નવા ઘરમાં નવા જીવનનો આરંભ કર્યો. પીટરને એક ફૅકટરીમાં મેનેજર તરીકે નોકરી મળી. પેગીને એક ડાન્સ કલાસમાં રિસેપ્શનિસ્ટ તરીકે નોકરી મળી. બે વર્ષ બહુ સારાં વીત્યાં.

એક દિવસ પેગીએ પીટરને સારા સમાચાર આપ્યા, 'કૉંગ્રેચ્યુલેશન્સ ડિઅર, યૂ વિલ બી સુન ડેડ!'

પીટરે હરખઘેલા બની પેગીને ચૂમી લીધી અને પૂછ્યું, 'બોલ નામ શું રાખશું?'

'બૉય આવે તો પેટ અને ગર્લ આવે તો પ્રેટી, ગમશે ને?'

વેરી ફાઈન એન્ડ લવલી નેમ્સ!

એ પળથી બંને નવા મહેમાનની રાહ જોવા લાગ્યાં. બરાબર નવ મહિને પેટનું આગમન થયું. પીટર અને પેગી બંને આનંદસાગરમાં ગરકાવ થઈ ગયાં. એક પાદરી બાળકની છઠ્ઠીની વિધિ વખતે એના પેટ પર લાખું જોઈ બોલ્યા કે દીકરો બહુ જ ભાગ્યશાળી છે. ધનના ઢગ પર બિરાજશે!' ત્યારે તો આનંદ પરાકાષ્ટાએ પહોંચ્યો. પણ જેવી ભરતી આવી હતી એમ જ દશ દિવસ પછી ઓટ આવી. આનંદ દશમા દિવસે ઓગળી ગયો. મધરાતે કોઈ પેગીના પડખામાંથી બેબીને સરકાવી ગયું. એક કલાક પછી પેગીને ખબર પડતાં આખી હૉસ્પિટલમાં ચકચાર મચી ગઈ. પોલીસોથી હૉસ્પિટલ ઊભરાઈ ગઈ. ચારેકોર તપાસ આદરી પણ કોઈ સફળતા ન મળી. પેગીને પેટ ગુમાવ્યાનો ભયંકર આઘાત લાગ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# 'ઝિંદગી કા સફર... કોઈ સમજા નહીં'

## વિચાર યાત્રા

- જય ઓઝા

જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે. કયારે, કેમ કેવી રીતે શું બની જાય તે કહી શકાતું નથી, તમે જિંદગી વિશે કોઈ અનુમાન કરી ન શકો, ખરેખર તો અનુમાન કરી શકાય એ જિંદગી જ નથી. એ કયારે કયા સ્વરૂપે તમારી સામે કયા રૂપે, રંગ આવશે એ તમે કલ્પી પણ ન શકો અને એમાં જ મજા છે. બાકી ભવિષ્યની જાણ અગાઉ થઈ જાય તો કેવી પીડા, કેવી યાતનામાંથી પસાર થવું પડે એ તો સહદેવને પૂછો તો ખબર પડે!

આપણે કરવું હોય કંઈક અને થઈ જાય વળી ઊલટું. અરે મારા તમારા જેવા પામર મનુષ્યની કયાં વાત કરવી? 'ન જાણ્યું જાનકી નાથે કાલે સવારે શું થવાનું છે.' આગલા દિવસ રાત સુધી તો અવધપુરીમાં ચહલ-પહલ છે, સૌ કોઈ આનંદમાં છે, સવારે તેમના લાડીલા રાજા રામ સિંહાસન પર બિરાજવાના છે, પણ એક જ રાતમાં પરિસ્થિતિમાં બદલાવ, સવારે રામ લક્ષ્મણ જાનકી ભગવા વસ્ત્રોમાં વનમાં જવા નીકળે છે!

જીવન અનપ્રેડીકટેબલ છે. ધારી ન શકાય તેવું. તમે તર્ક કરીને જીવો, એ શકય નથી, હવામાન ખાતાની આગાહી વરસાદ કેટલો પડશે એ કહી શકે છે પણ વીજળી કોના પર પડવાની છે એ નથી નક્કી કરી શકાતું. બધું જ તર્કની ફૂટપટ્ટીથી માપી શકાતું નથી. દરેક સમજદારી એક કક્ષા સુધી પહોંચ્યા પછી લંગડી થઈ જાય છે. આમ કેમ થયું કે આમ જ કેમ થયું તે કહી શકાતું નથી, અમુક પ્રશ્નો એ પ્રશ્નો રહેવા જ સર્જાયા હોય છે.

ઘણા વખત પહેલાં એક પુસ્તકમાં પ્રસંગ વાંચ્યો હતો, અંતરિક્ષયાત્રી વિંગ કમાન્ડ રાકેશ શર્માનું મિગ-૨૧ વિમાન નાસિક પાસે તૂટી પડે છે. રાકેશ શર્મા પેરેશ્યુટથી ઉતરી પડે છે. કમનસીબી એ છે કે પેરેશ્યુટ ઊતરતી વખતે હાઈટેન્શન ઈલેકટ્રીક વાયરો સાથે અથડાય છે, પરંતુ સદનસીબ એમાં છે કે મહારાષ્ટ્ર રાજય વિદ્યુતમંડળનું એજ સમયે લોડ શેડિંગ ચાલે છે, વિદ્યુત પ્રવાહ ખોરવાઈ ગયો છે, અને રાકેશ શર્માનો ખાલી પગ તૂટે છે. જે માણસ ઈલેકટ્રીક વાયરોમાં ફસડાઈ પડે, એનુ શરીર બળીને ભડથું થઈ જાય પણ આ માણસ ઓટોગ્રાફ આપતા ફોટો પડાવે છે. નસીબને તર્કથી સમજાવી શકાતું નથી.

બીજો પ્રસંગ જુઓ, મુંબઈમાં એક ઊંચા મકાનમાં ૨૨મે માળથી એક આરસનો ટુકડો પડી રહ્યો છે, અને નીચે છોકરાઓ ઝડપથી સાઈકલ ચલાવીને કોમન પ્લોટમાં રમત રમી રહ્યા છે, બધા છોકરા ચાલ્યા ગયા છે. એક છોકરો તેની મમ્મીને કહે છે કે હું છેલ્લો આંટો મારી લઉં, ઉપરથી નીચે આવતો કાળમુખો આરસનો ટુકડો ઝડપથી ભાગતી સાઈકલ પરના છોકરાના માથા ઉપર જ વાગે છે અને છોકરો મૃત્યુ પામે છે, દસેક લાખે કોઈ વ્યકિત આવી રીતે પણ મૃત્યુ પામે એ કેવી રીતે કલ્પી શકાય!

આ તો જીવન મૃત્યુની વાત થઈ પણ રોજ-બરોજના જીવનમાં પણ આપણને આવા અનુભવો કયાં નથી થતા! એફ.વાય.બી.એ.માં મુખ્ય વિષય અંગ્રેજી રાખીને ભણવાની શરૂઆત કરી'તી. બારમા ધોરણમાં પણ અંગ્રેજી પર વધારે ભાર મેં આ માટે જ આપ્યો હતો. પણ પરિસ્થિતિઓની પ્રતિકૂળતાને કારણે મારે વિષય બદલવો પડયો અને મુખ્ય વિષય સંસ્કૃત કરી નાખ્યો! સખત કંટાળો આવ્યો હતો મને તે સમયે, જીવનની મોટી તક મારી પાસેથી છિનવાઈ ગઈ હોય તેમ લાગ્યું'તું. અને આજે સંસ્કૃતમાં એમ.ફીલ., બી.એડ.કરીને પી.એચ.ડી. કરતા કરતા તમારી સાથે આ જીવનની ગોઠડી માંડતો અહીં પહોંચ્યો, આગે જાને કયાં હોગા! કાંઈ નક્કી જ નથી.

જીવનસાથીની પસંદગી 'એના જેવી અનિશ્ચિતતા બીજે કયાંય નથી.' દસ મિનિટની અલપ ઝલપ મુલાકાત, ગ્રહોની ગણતરી અને ગુણાંકની માયાજાળ વચ્ચે આખી જિંદગી બે અજાણ્યા વ્યકિત એકબીજાને નામે કરી તત્પર બને છે. છે આમાં લોઈ લોજીક! પણ છતાં આપણી આ પ્રમાણેની લગ્ન પરંપરા અવિરતપણે ચાલી આવે છે ને! કયાંય વાંધો આવે છે? આખરે માતા પિતાએ કરેલ પસંદગી સંતાન માટે લાભદાયી જ રહે છે. તો વળી જેમની જનમ તારીખના પણ ઠેકાણા નથી એવા આપણા દાદા દાદીએ કયારે કુંડળી મેળવી હતી? તેમણે કુંડળી નહોતી મેળવી, સમજદારી કેળવી હતી. બાકી ૩૨ ગુણ મળ્યા પછી પણ છૂટાછેડાના બનાવ કયાં નથી બનતા?

તો વળી બીજી તરફ પ્રેમ! એમાં કઈ વ્યકિત કયારે, કેવી રીતે કઈ જગ્યાએ ભટકાઈ જશે અને આપણા હૃદયમાં મનગમતા સ્વસ્તિક રચી જશે એની કોઈ કલ્પના કરી શકાય છે!

આવી અનિશ્ચિત જિંદગીમાં નિશ્ચિંત થઈને રહેવું હોય તો એક ઉપાય છે, શ્રીકૃષ્ણ જેવા થઈને રહેવું. એમણે જીવનની બધી અનિશ્ચિતતાઓનો સ્વીકાર કર્યો છે, જયાં પીછેહઠ કરવી પડે ત્યાં પાછળ હટી ગયા છે, ભગવાન છે છતાં માખણચોર છે દિગ્વિજયી હોવા છતાં રણછોડ છે, જે કાંઈપણ સામે આવે તેનો સ્વીકાર કરો. હસીને પણ સ્વીકારવાનું છે અને રડીને પણ તો પછી હસવું શા માટે નહીં? સંજોગો ગમે તેવા આવે પણ જયાં સુધી આપણી જીવન જીવવાની જિજીવિષા અને ભગવાન પરની અતૂટ શ્રદ્ધા રહેશે ત્યાં સુધી દુઃખને પણ સુખમાં પરિવર્તિત થવું પડશે.

ખરેખર તો સવારે ૯.૧૫ની પોઈન્ટની બસ પકડાશે કે નહીં તે નક્કી નથી. ઓફિસમાં બોસનો મૂડ કાલે સારો હશે કે નહિ? શેરનો ભાવ કાલે કયાં જઈને અટકવાનો છે તે નક્કી નથી, ફૂટબોલની ફાઈનલ કોણ જીતશે તે નક્કી નથી (ક્રિકેટ વિષે નક્કી કરી શકાય છે) બધું જ અનિશ્ચિત છે,પણ આ અચોકકસ જીવનમાં આપણે ચોકસાઈથી બધા પ્લાનિંગ સાથે જીવવા માગીએ છીએ અને તેમાં કંઈ ગોટાળો થાય એટલે મૂંઝાઈ જઈએ છીએ. ખરખર જિંદગી ગોઠવી શકાતી નથી, નાના બાળકને આપણે આપણી રીતે હાથ-પગ ગોઠવીને સુવાડીએ છીએ, પણ અંતે તો તે પોતાના નેચરલ પોઝમાં જ નિરાંતથી સૂઈ શકે છે, જિંદગીને પણ આવા નેચરલ પોઝમાં જ સ્વીકારવી જોઈએ.

અંતે ભાનુશંકર વ્યાસ 'બાદરાયણ'ની પંકિત...

મજા જિંદગી છે હસો અને હસાવો,
પ્રણય ગાનના સૂર ઉરથી વહાવો,
વહી જાય તો કાળ પાછો ન આવે,
લઈ લો ને જીવનતણો સર્વ લ્હાવો
અનીતિ ને નીતિ છે જૂઠું બધુ યે,
બધાં બંધનો એહ દૂરે ફગાવો.
ભૂલી જાઓ દુઃખો ને દર્દો બધાંયે
અને પ્રેમ-મસ્તીને અંતર જગાવો.

# આ ભ્રષ્ટાચાર અને મોંઘવારીને કારણે લોકો જીવતે જીવ 'મમી' બની રહ્યાં છે! આખું હિન્દુસ્તાન 'મમીસ્તાન'માં ફેરવાઈ જાય તે પહેલાં 'હે ભગવાન! હવે તો જાગો!' તમે ભગવાન છો કે કુંભકર્ણ?! લોકો આદરપૂર્વક જાણવા માગે છે કે યદા યદા હી ધર્મસ્ય... વાળા તમારા વચનનું શું થયું?!

## હળવાશની ક્ષણોમાં !

### 'મમી'- મરણ પથારીએ !

- ચિત્રસેન શાહ

'આ ગરમી મમીને મારી નાખશે!' એવા હેડીંગ નીચે તાજેતરમાં જ એક ન્યૂઝપેપરમાં સમાચાર વાંચ્યા. ઘણાએ કદાચ વાંચ્યા ન હોય તો હવે વાંચો! અને જે લોકોએ વાંચ્યા હોય તેવા લોકો ફરીથી વાંચો! આ રહ્યા એ સમાચાર-

'લખનૌના મ્યુઝિયમની શોભા વધારતું ઈજીપ્તનું ૩૦૦૦ વર્ષ જૂનું 'મમી' હવે મરણ પથારીએ છે! ઉત્તરપ્રદેશ સહિત સમગ્ર દેશમાં ગરમીનો પારો આસમાને છે ત્યારે આવી પરિસ્થિતિમાં લખનૌના મ્યુઝિયમનું 'મમી' ખતમ થવાની તૈયારીમાં છે!'

લખનૌના મ્યુઝિયમે ઈજીપ્તની ૧૩ વર્ષની કિશોરીનું આ મમી ૧૯૫૨માં ખરીદ્યું હતું. ૧૩ વર્ષની કિશોરી તો 'મમી' બનીને અમર થઈ ગઈ પરંતુ તે મૃત કિશોરીનું 'જીવંત મમી!' હવે આ કાળઝાળ ગરમીમાં મરણ પથારીએ છે! આ મમી હવે તીવ્ર ગતિએ સડી રહ્યું છે! તેના શરીર પર વીંટાયેલી પટ્ટીઓ ધીમે ધીમે ખુલી રહી છે. તેને જે કોફિનમાં રાખવામાં આવ્યું છે તેમાં પણ તિરાડો પડવાની શરૂઆત થઈ ચૂકી છે! મ્યુઝિયમના અધિકારીઓ જણાવે છે કે બફારો, અતિશય ગરમી અને પ્રદૂષણને કારણે મમીની આ અવદશા થઈ છે. અને તે લોકો આ પરિસ્થિતિ રોકવા લાચાર છે! કારણ કે તે લોકો પાસે આ અંગેની કોઈજાણકારી નથી! દેશમાં અનેક જગ્યાએ આવા તો ઘણા કિસ્સા છે કે જયાં ઐતિહાસિક ખૂબ જ મહત્વ ધરાવતા સ્થાનો કે વર્લ્ડકલાસ હેરીટેજ કલાસની ઈમારતોની યોગ્ય જાળવણી થતી નથી. યોગ્ય જાણકારી કે સમજને અભાવે ઘણી જગ્યાએ આવી ઈમારતો ધૂળ ખાતી પડી હોય છે! આવી બાબતોમાં લાગતા વળગતાઓની ગુન્હાહિત બેદરકારી કે ઉદાસીનતા સ્પષ્ટપણે જોઈ શકાય છે!



લખનૌના મ્યુઝિયમમાં ઈજિપ્તનું ૩,૦૦૦ વર્ષ જૂનું મમી ગરમી અને બાફથી સડી રહ્યું છે

અમે થોડા વર્ષો પહેલા પોરબંદરમાં મહાત્માજીનું જન્મસ્થળ કાર્તિમંદિર જોવા ગયેલા ત્યારે મહાત્માજીનું ઘર તો યોગ્ય રીતે સચવાયેલું જોઈને આનંદ થયો પરંતુ બાજુનીજ ગલીમાં આવેલું 'કસ્તૂરબા'નું ઘર બહારથી જોઈ ખેદ થયો! 'મોહન'ને 'મહાત્મા' બનાવવામાં મહત્વનો ફાળો આપનાર કસ્તૂરબાના ઘરની આ હાલત?! તાળું મારેલી હાલતમાં રહેલા ઘર પર જાણે કોઈનું ધ્યાન ન જાય તેવી સાવધાની રખાઈ હોય તેવું લાગતું હતું! ઘરના બારણા પર લગાવાયેલા પુરાતત્વ ખાતાની 'રાષ્ટ્રિય સ્મારક' તરીકેના એક બ્લ્યુ કલરના બોર્ડ સિવાય મકાનની જાળવણી થતી હોય તેવું લાગ્યું નહીં! કસ્તૂરબાના એટલે કે તેમના પિતાશ્રી કાપડીયા પરિવારના ઘરની આ હાલત હતી! ઘરને અંદરથી જોવાની ઈચ્છા હતી તેથી તાળાંની ચાવી આજુબાજુ વાળા પાડોશીને ત્યાં કદાચ હોય તેમ સમજી તે માટે પણ અમે નિષ્ફળ પ્રયાસ કર્યો હતો! (કચ્છ માંડવીમાં ભારતના મહાન ક્રાંતિકારી સ્વ. શ્યામજી કૃષ્ણવર્માનું ઓરીજીનલ ઘર જોવા અમે ગયેલા ત્યારે તેમના (રાષ્ટ્રિય સ્મારક) ઘરને પણ તાળું હતું! પણ અમારા સદનસીબે તે સ્મારકની ચાવી તેના પાડોશી પાસેથી અમને મળી ગયેલી! જો કે ત્યારબાદ તો શ્યામજીકૃષ્ણ વર્માનું અદ્યતન સ્મારક માંડવીમાં નવી જગ્યાએ બનેલું છે જયાં જીનીવાથી લવાયેલા શ્રી વર્માના અસ્થિ રખાયા છે.

વળી મહાત્માજીએ ઉપયોગમાં લીધેલી ખૂબ જ ઐતિહાસિક મહત્વ ધરાવતી વસ્તુઓનું પણ વિદેશમાં અવાર નવાર લીલામ થતું રહે છે! ફરીથી મહાત્માજીના 'લોહીના ટીપા (!)' સહિતની ઘણી વસ્તુઓનું લીલામ થવાની તૈયારીમાં છે!

આ 'લોહીનું ટીપું' એ કદાચ ગાંધીજી 'હે રામ!' બોલતાં ઢળી પડેલા ત્યારનું હોવાની શકયતા છે! તેથી તે 'ટીપું' જોનારને તેમાંથી કદાચ 'હે રામ!' નો ધ્વનિ પણ સંભળાય!

ભારત સરકારે જયારે અને જયાં પણ ગાંધીજીની વસ્તુઓનું લીલામ થવાનું હોય ત્યારે તે લીલામીમાં ભાગ લઈને તે વસ્તુઓ ખરીદી ગાંધી સ્મારકને સોંપી દેવી જોઈએ. એવી સાદી સમજ પણ સરકારમાં નથી!

થોડાં વર્ષો પહેલા પણ વિદેશમાં મહાત્માજીની અમુક વસ્તુઓનું લીલામ થયેલ ત્યારે 'કીંગ ફીશર'વાળા લીકર કીંગ શ્રી વિજય માલ્યા આ વસ્તુઓ ભારતમાં લાવેલા! આમ 'મહાત્મા' અને 'લીકર'નો વિરોધાભાસી મેળાપ અનાયાસે જ થયેલો!

ખરેખર તો આવા કામ ભારત સરકારે કરવાના હોય પરંતુ અબજો રૂપિયાના કૌભાંડોમાંથી બહાર આવે ત્યારે આવા કામ કરવાનો સમય મળે ને!

ટી.વી. જોતાં જોતાં આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે ટીવીમાં બ્રેકીંગ ન્યૂઝ ફલેશ થાય છે કે-

'રેલવે મીનીસ્ટર બંસલનું રાજીનામું લેવાયું તે પહેલાં બંસલને ત્યાં બકરાની પૂજા થઈ હતી!' કોઈ તાંત્રીકે આવી સલાહ આપી હશે! ડૂબતો માણસ તરણું પકડે તેમ બંસલે બકરાને પકડયો! 'બંસલ બકરાને સહારે' એવા ન્યૂઝ વાંચતી વખતે ન્યૂઝ રીડર પણ હસી રહી હતી! સમાચાર જ એવા છે ને કે 'દીવેલ' પીછું હોય તો પણ હસી પડાય!

(અનુસંધાન પાના નં. ૬ પર)